મહત્તમ : ૩૯.૬ ડીગ્રી
લઘુતમ : ૨૭.૪ ડીગ્રી
ભેજ
સવારે ૭૪ ટકા ● સાંજે ૪૧ ટકા
ગાંધીનગર તાપમાન

‘ધંધો નાનો છે પણ પોતાનો છે’ એવી થીમ પર શક્તિ શિકંજી

સેક્ટર-૨૫ ખાતે મળતી લીંબુ શિકંજી બીજા ઠંડા પીણા કરતા હાશકારો આપતું આ પીણું

ગાંધીનગર, તા.૧૭

આજ કાલના બળબળતા તાપમાં ગરમીથી રાહત મેળવવા નાગરિકો કોઈને કોઈ રીતે પોતાને તૃપ્ત કરવા છાશ, કોલ્ડ ડ્રીંક, કેરીનો રસ, શેરડીનો રસ જેવા વિવિધ ઠંડા પીણાંનો સહારો લેતા જોવા મળ્યા છે પણ કોઈ એ લીંબુ શિકંજી વિશે જાણ્યું અને વિચાર્યું નહીં હોય કાં તો અમુકને ખબર હશે. દિલ્હી વાળા શિકંજીનું ખૂબ સેવન કરે છે. આપણે પણ અહી મહત્તમ તાપમાન ૪૬ ડિગ્રી સુધી નોંધાયું છે ત્યારે આવી કાળઝાળ ગરમીમાં ગાંધીનગરમાં ફક્ત એક જ જગ્યા એ મળતી લીંબુ સિકંજીનો આનંદ માણતા વિચારતા રહી જવાય કે બીજા પીણાં સામે આ તો નંબર વન છે. એમાં મુખ્યત્વે પાણી, લીંબુ નો રસ, તકમારિયા, જલજીરા, ફુદીનો અને ઠંડુ પાણીનું મિશ્રણ હોય છે. પીવાથી શરીર ને ઠંડક મળે સાથે સાથે વિટામિન સી થી ભરપુર અને પાચનશક્તિ વધે છે.

સેક્ટર-૨૫ ટાટા ચોકડી પાસે ઝાલા જગતસિંહ છેલ્લા ૭ વર્ષથી ‘ધંધો નાનો છે પણ પોતાનો છે’ એવી થીમ પર શક્તિ શિકંજી નાગરિકો ને ૧૫ રૂપિયામાં તૃપ્ત કરે છે. બહુ ઓછું ભણેલા પણ હાથે મોજા પહેરીને પૂરતી વ્યવસ્થા અને એક મોટી છત્રી, કચરાપેટી જેવી બાબતોનો ખ્યાલ રાખી ધંધો કરે છે. લીંબુ પાણી હવે શહેરમાં પેકિંગ વાળું મળે પણ લાઈવ ના મળે અને મળે તો ક્યાંક જ મળે. નાગરિકો વિવિધ ઠંડા પીણા નું સેવન કરે છે જેની સામે આ પીણું ખૂબ જ સ્વાદિષ્ટ અને સ્વાસ્થ્ય વર્ધક છે.

ગાંધીનગરમાં નાના નાના લારી ગલ્લા પણ ખૂબ પ્રખ્યાત થઈ રહ્યા છે જેની સામે મોટી મોટી હોટેલોના ખાનપાનનાં સ્વાદ પણ ફિક્કા જણાય છે. પોતાની જાત મહેનતથી ચલાવતા નાના નાના લારી ગલ્લા ધારકો ધીમે ધીમે પ્રખ્યાત બનતા જાય છે. શહેરીજનો પણ ઉનાળા ની મોસમમાં ગરમી થી રાહત મેળવવા માટે અહીંયા લીંબુ શિકંજી પીતા જોવા મળે છે.

સ્પર્ધાત્મક પરીક્ષાનું પ્રશિક્ષણ આપવા ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી દ્વારા ‘ભારત જ્ઞાન પરીક્ષા’ લેવાશે

ગાંધીનગર, તા.૧૭

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ હાલમાં જ દેશભરમાં સરકારી વિભાગોમાં ખાલી પડેલી ૧૦ લાખ જગ્યાઓ પર ભરતી કરવા કહ્યું છે, તેમજ ગુજરાતી યુવાનો પણ યુપીએસસી-જીપીએસસી જેવી સ્પર્ધાત્મક પરીક્ષામાં ઝુકાવવા લાગ્યા છે, ત્યારે બાળકોને શાળામાંથી જ આવી સ્પર્ધાત્મક પરીક્ષાઓની પેટર્નનો ખ્યાલ આવે તે હેતુસર ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી ‘ભારત જ્ઞાન પરીક્ષા’નું આયોજન કરવામાં આવ્યું છે. આ માટે હાલ રજિસ્ટ્રેશન ચાલુ છે, જે ટૂંક સમયમાં જ સમાપ્ત થઈ જશે અને જુલાઈમાં પરીક્ષા યોજાશે.

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના કુલપતિ હર્ષદભાઈ શાહે આપેલી પ્રેરણાથી તથા કુલસચિવ ડૉ. અશોક પ્રજાપતિના માર્ગદર્શનમાં ‘ભારત જ્ઞાન પરીક્ષા’નું આયોજન કરાયું છે. આ પરીક્ષાના સંયોજક તરીકે ડૉ. નિમિષ વસોયા તથા સહસંયોજક તરીકે યોગેન્દ્ર પટેલ કાર્ય કરી રહ્યા છે. ડૉ.વસોયાના જણાવ્યા પ્રમાણે, યુપીએસસી અને જીપીએસસીમાં

જેવો સિલેબસ હોય છે, એ પ્રકારનો સિલેબસ વિવિધ ઉંમરના બાળકોના આઈ.ક્યૂ. મુજબ તૈયાર કરવામાં આવ્યો છે. ‘ભારત જ્ઞાન પરીક્ષા’માં ધોરણ ૬ થી ૧૨ તેમજ આઈટીઆઈ અને ડિપ્લોમામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ જોડાઈ શકે છે. આ પરીક્ષાનો હેતુ વિદ્યાર્થીઓ આપણા દેશનો મહાન વારસો, ઈતિહાસ, સંસ્કૃતિ, ભૂગોળ, અર્થવ્યવસ્થા, નાગરિકશાસ્ત્ર, બંધારણ, ખેલકૂદ, સંગીત, વિજ્ઞાન અને ટેક્નોલોજી વગેરેને જાણતા થાય, તેમના જ્ઞાનમાં વૃદ્ધિ થાય તેવો છે. ન્યૂ એજ્યુકેશન પોલિસી-૨૦૨૦ મુજબ આ વિષયો પસંદ કરાયા છે. તેમણે કહ્યું કે, આ પરીક્ષાનો ફાયદો એ છે કે, તેનાથી વિદ્યાર્થીઓને સ્પર્ધાત્મક પરીક્ષા આપવાનો મહાવરો અત્યારથી થઈ જશે, તેમજ ઑનલાઈન તથા સ્પર્ધાત્મક પરીક્ષાનો ડર તેમનામાંથી દૂર થશે. જેથી ભવિષ્યમાં તેઓ વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં અન્ય વિદ્યાર્થીઓની તુલનામાં વધુ ઝડપથી સફળ થઈ શકશે. આ પરીક્ષા ઑનલાઈન લેવાશે. વિદ્યાર્થીઓ પોતાના ઘરે કે કોઈપણ સ્થળે બેસીને, મોબાઇલ કે લેપટોપથી આ પરીક્ષા સરળતાથી આપી શકશે. તેમણે કહ્યું કે, આ પરીક્ષાની રજીસ્ટ્રેશન ફી માત્ર રૂપિયા ૫૦ છે અને રાજ્યના તમામ જિલ્લાના વિદ્યાર્થીઓ તેમાં ભાગ લઈ શકે છે. દરેક જિલ્લામાંથી ત્રણ ત્રણ વિજેતા પસંદ કરવામાં આવશે. ઈનામ સ્વરૂપે વિજેતા વિદ્યાર્થીઓ માટે ત્રણ રાત્રિ અને ચાર દિવસની પ્રતિભા-સંવર્ધન અને સ્કીલ ડેવલપમેન્ટ શિબિરનું આયોજન કરવામાં આવશે. આ પરીક્ષામાં વધુમાં વધુ વિદ્યાર્થીઓને જોડાવા માટે તેમણે અપીલ કરી છે.

જન્મદિને વધામણી

નિધિ
બંકિમકુમાર ઠાકોર
મો. ૯૯૭૪૮ ૧૩૧૦૧

કવિશા વિપીન શાહ
મો. ૯૮૨૪૫ ૨૧૩૬૭

અનિલ બોટાદરા
મો. ૭૬૨૩૯ ૨૦૯૯૩

દર્શન રોહિત
બ્લેક બેલ્ટ ચેમ્પિયન
મો. ૯૯૭૪૪ ૪૪૮૪૪

કૌશલ રાવલ

બ્રહ્માકુમારી ઉષાદીદીનું સેકટર-૨૮ ગાંધીનગર ખાતે ભવ્ય સ્વાગત

બિહાર વિધાનસભામાં ‘તનાવ મુક્ત જીવન જીવવાની કળા’ પર વિશેષ ઉદબોધન આપી પરત આવેલ માઉન્ટ આબુના બ્રહ્માકુમારી ઉષાદીદીનું સેકટર-૨૮ ગાંધીનગર ખાતે આજે બ્રહ્માકુમારીઝ ગાંધીનગર સંચાલિકા આદરણીય કૈલાશદીદીજી, બ્રહ્માકુમારીઝ ચીલોડા સેવાકેન્દ્ર સંચાલિકા બી.કે.તારાબેન, ગાંધીનગરના પૂર્વ કોર્પોરેટર ભગિની હર્ષાબા ધાંધલ તથા મોટી સંખ્યા ઉપસ્થિત વી.આઈ.પીઝ અને બ્રહ્માકુમારીઝ ના સત્સંગી ભાઈ બહેનો દ્વાર ઉમળકા ભેર સ્વાગત કરવામાં આવ્યું હતું.

વરુણ ધવન અને કિયારા અડવાણી સ્વર્ણિમ સ્ટાર્ટ-અપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટીની મુલાકાતે

ગાંધીનગર, તા.૧૭

અભિનેતા વરુણ ધવન અને કિયારા અડવાણીએ તેમની આગામી ફિલ્મ ’જુગ જુગ જીયો’ના પ્રચાર માટે સ્વર્ણિમ સ્ટાર્ટ-અપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટીની મુલાકાત લીધી હતી. યુનિવર્સિટી, પ્રશંસકો અને કેમ્પસમાં હાજર વિદ્યાર્થીઓ તરફથી બંનેનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટીના ફાઉન્ડર અને પ્રેસિડેન્ટ ઋષભ જૈને બંને અભિનેતાઓને યુનિવર્સિટીના સ્મૃતિચિહ્નો અને સ્વર્ણિમ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ડિઝાઈનના વિદ્યાર્થીઓ દ્વારા ડિઝાઈન કરેલ પોર્ટ્રેટેડ(ચિત્ર) દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું.

અભિનેતાઓએ કેમ્પસમાં હાજર વિદ્યાર્થીઓ અને ચાહકો સાથે વાર્તાલાપ કરતા એક અદ્ભૂત માહોલનું સર્જન કર્યું હતું. તેમની કારકિર્દીમાં તેમના ફિલ્મી અનુભવો વિશે વાત કરી. તેઓએ જુગ્જુગ જીયોના સેટ પરથી તેમના શૂટ દરમિયાનની મજાની પળો પણ શેર કરી હતી જેણે ચાહકોની ઉત્સુકતામાં વધારો કર્યો હતો.

પડતર માંગણીઓ સંદર્ભે અર્ધ લશ્કરી દળો ૬ ઝોનમાં દેખાવો યોજશે

ગાંધીનગર, તા.૧૭

ગુજરાત અર્ધ લશ્કરી સંગઠન (પેરા મિલેટરી ફોર્સિસ)દ્વારા સરકાર સમક્ષ પોતાની પડતર માંગણીઓ તથા સંગઠનના આગામી કાર્યક્રમો સંદર્ભે ગાંધીનગરમાં સેકટર-૨૨ ખાતેની સ્વામિનારાયણ પોલિટેકનિક કૉલેજ ખાતે પ્રેસ કોન્ફરન્સ યોજીને માહિતી આપવામાં આવી હતી. આ પ્રેસ કોન્ફરન્સમાં સંગઠનના પ્રમુખ દિપેશભાઇ પટેલે જણાવ્યું હતું કે પેરા મિલેટરીના જવાનો પણ ભારતીય લશ્કરના સૈનિકો જેટલું જ યોગદાન અને સેવાઓ આપી રહ્યાં છે ત્યારે લશ્કરી જવાનોની તુલનામાં પેરા મિલેટરી ફોર્સિસને મળવા પાત્ર લાભોમાં વિસંગતતાઓ જોવા મળી રહી છે. અમને રાજ્યમાં યોગ્ય દરજ્જો મળે, અર્ધ સૈનિક કલ્યાણ બોર્ડની રચના કરવામાં આવે, શહીદ પરિવારને સન્માન રાશિ જે

રૂપિયા એક લાખ આપવામાં આવે છે તેમાં મોંઘવારીને ધ્યાનમાં રાખીને વ્યાજબી વધારો કરવા સાથે શહીદ પરિવારના એક સભ્યને રહેમરાહે નોકરી આપવામાં આવે જેથી તેમના પરિવારનું ગુજરાન ચાલી શકે અને અમે અર્ધ લશ્કરી દળોની તાલીમ લીધેલી હોવાથી સરકારમાં વિવિધ વિભાગોમાં સિક્યુરિટીમાં અમારા એસોસિએશન મારફતે જ પોસ્ટિંગ કરવામાં આવે તે અમારી મુખ્ય માંગણીઓ છે. આ સંદર્ભે અમારા સંગઠન દ્વારા સરકાર સમક્ષ અમારી પડતર માંગણીઓ અંગે રજૂઆત કરવામાં આવી છે, પરંતુ સરકાર તરફથી કોઈ જવાબ આપવામાં આવ્યો નથી તેથી અમારા સંગઠન દ્વારા આગામી સમયમાં સમગ્ર ગુજરાત રાજ્યમાં ૬ ઝોનમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે, જે અનુસાર આગામી તારીખ ૨૧મી જૂને વ્યારા ખાતે રેલીનું આયોજન કરવામાં આવ્યું છે. આ સાથે વધુમાં તેમણે જણાવ્યું હતું કે અર્ધ લશ્કર સંગઠન દ્વારા સંપૂર્ણ શિસ્ત અને શાંતિપૂર્વક રીતે આ આંદોલન કરવામાં આવશે.

સેક્ટર-૨૧ ખાતે એરોબિક્સ તથા ઝૂમ્બા વર્કશોપ યોજાયો

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર, સેક્ટર-૨૧ ખાતે ડૉ. નિધિ ફિઝીયો વર્લ્ડ, મિલાપ ટાટારિઆ અને ગાંધીનગર ટેકવોન્ડો એસોસિએશન સંસ્થા દ્વારા એરોબિક્સ અને ઝૂમ્બા વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં એરોબિક્સ અને ઝૂમ્બાનાં ટ્રેનર મિલાપ ટાટારિઆ દ્વારા તાલીમ આપવામાં આવી હતી અને બાળકોએ સતત ૪ દિવસ સુધી માર્ગદર્શન મેળવી પ્રેક્ટિસ કરી હતી. એરોબિક્સ અને ઝૂમ્બા ટ્રેનર મિલાપ ટાટારિઆએ જણાવ્યું હતું કે, એક કલાક વર્કઆઉટ કરવાથી તમે લગભગ ૩૬૯ કેલરી કાઢી શકો છો. તમે જે સ્ટેપથી એરોબિક્સમાં જેટલી કેલરી બર્ન કરશો તેના કરતાં વધુ છે. ઝૂમ્બા અને એરોબિક્સનાં વર્ગો આજનાં દિવસોમાં બાળકો માટે લોકપ્રિય વલણ બની ગયા છે કારણ કે, તેઓ બાળકોને મનોરંજન દ્વારા કસરત કરવા તરફ માર્ગદર્શન આપે છે તથા ગાંધીનગર ટેકવોન્ડો એસોસિએશન સંસ્થાનાં ટેક્નિકલ ડિરેક્ટર જતીન દવે, ગ્રાન્ડમાસ્ટર પ્રકાશ સંભવાણી અને ડૉક્ટર નિધિ લેકિનવાલાએ મિલાપ ટાટારિઆને અનેક શુભેચ્છાઓ પાઠવી હતી.

ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાના ગણપતપુરા પ્રાથમિક શાળાના બાળકોને વડસર ખાતે ગણપતિના મંદિરે નાનકડા પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગામના યુવા કાર્યકર રણજીતભાઈ મહોતભાઈ ઠાકોર તરફથી બાળકોને મંદિરે લઈ જવામાં આવ્યા હતા. તેમજ શાળાના શિક્ષિકા બહેન વનિકાબેન પટેલ તેમજ ગણપતિ ફાઉન્ડેશનના પ્રમુખ મમતા રાવલે ગણપત પુરા પ્રાથમિક શાળાના તમામ બાળકોને આઈસ્ક્રીમ ખવડાવ્યો હતો. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવનાર રણજીતભાઈ ઠાકોર, વનિકાબેન પટેલ તેમજ મમતા રાવલનો શાળા પરિવારે હૃદય પૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.

આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત રાજ્ય સંગીત નાટક અકાદમીના આર્થિક સહયોગથી તથા ઉત્થાન ફાઉન્ડેશન દ્વારા ડાયરા નું આયોજન કરવામાં આવ્યું હતું. જે સાઈબાબા મંદિર, સેક્ટર૩ ખાતે ૧૬ જૂને સાંજે ૭:૩૦ કલાકે યોજાયો હતો. મોટી સંખ્યામાં શહેરીજનો ઉપસ્થિત રહ્યાં હતા અને ડાયરાની જમાવટ થઈ હતી.

ચિરવિદાય

● મુક્તિધામ ●

- **સ્વ. પટેલ લીલાબેન ખેમચંદભાઈ,** ઉ.વ. ૬૬, પાલજ નવા
- **સ્વ. વણઝારા મંગાજી ફોજાજી,** ઉ.વ. ૫૦, ધોળાકુવા
- **સ્વ. દંતાણી ધર્મેશભાઈ લક્ષ્મણભાઈ,** ઉ.વ. ૪૯, સે-૨૫, જીઆઈડીસી

અભિનંદન

શ્રીમતિ કે.કે. પટેલ વિદ્યાલય, કોલવડા શાળામાં માર્ચ-૨૦૨૨ ની એચ.એસ.સી. ની પરીક્ષામાં સમગ્ર શાળામાં પ્રથમ ક્રમે ઉત્તીર્ણ થનાર જાદવ પ્રાંજલબેન મહેન્દ્રભાઈએ ૮૯% સાથે ઝળહળતી સફળતા હાંસિલ કરી સમગ્ર ગામ કોલવડા અને શાળાનું નામ રોશન કર્યું છે. અત્રેથી ઉલ્લેખનીય કે એચ.એસ.સી. સામાન્ય પ્રવાહનું શાળાનું પરિણામ ૧૦૦% આવેલ છે. કોલવડા કેળવણી મંડળ તથા આચાર્યશ્રી ભાવનાબા વાઘેલા સમગ્ર સ્ટાફ પરિવારને અભિનંદન પાઠવે છે.

નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા વિદ્યાર્થીઓને પ્રિય એવા ‘સન્ડે સાયન્સ સ્કૂલ’નો પ્રારંભ

ગાંધીનગર, તા.૧૭

વિદ્યાર્થીઓ વિજ્ઞાનમાં રસ લેતા થાય તથા તેમની જીજ્ઞાશા વૃતિ સંતોષાય તે પ્રકારની પ્રવૃત્તિઓ તથા કાર્યક્રમો માટે ગુજરાત સરકારે દરેક જીલ્લામાં વિજ્ઞાન કેન્દ્રો શરુ કર્યા છે. નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર એ ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલીજી માન્ય ગાંધીનગર જીલ્લાનું જિલ્લા કક્ષાનું સાયન્સ સેન્ટર(લોક વિજ્ઞાન કેન્દ્ર) છે. આ સેન્ટરનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓને વિજ્ઞાન પ્રત્યે પ્રેરિત કરવા તથા સમાજમાં વિજ્ઞાન અને ટેક્નોલોજીનો પ્રચાર અને પ્રસાર કરવાનો છે.

છેલ્લા ૨૫ વર્ષ થી આ સાયન્સ સેન્ટરનો અનેક વિદ્યાર્થીઓએ ડોક્ટર, એન્જીનીયર, વૈજ્ઞાનિક જેવા અનેક ક્ષેત્રોમાં જડહળતી સિદ્ધિઓ મેળવી છે. આ સેન્ટરના માર્ગદર્શન નીચે અત્યાર સુધીમાં ૩૦ જેટલા વિદ્યાર્થીઓ રાષ્ટ્રીય કક્ષાએ બાલ વૈજ્ઞાનિકનો એવોર્ડ મેળવવામાં સફળ થયા છે. વધુમાં વધુ વિદ્યાર્થીઓ વિજ્ઞાન કેન્દ્રની પ્રવૃત્તિમાં જોડાઈને વિશિષ્ટ સિદ્ધિઓ હાંસલ કરી શકે તેવા પ્રયત્નો આ સાયન્સ સેન્ટર દ્વારા કરવામાં આવે છે.

આ સેન્ટર દ્વારા શરુ કરવામાં આવેલ સન્ડે સાયન્સ સ્કુલ કાર્યક્રમનો દર રવિવારે રાજાના દિવસે ઘણા બધા વિદ્યાર્થીઓ લાભ લે છે જેમાં તેમના વિજ્ઞાન વિષયમાં આવતા આશરે ૪૦ જેટલા પ્રયોગો વિદ્યાર્થીઓ વર્ષ દરમિયાન જાતે કરતા હોય છે અને પ્રયોગો દ્વારા જ વિજ્ઞાન વિષય શીખતા હોય છે.

આ વર્ષના સન્ડે સાયન્સ સ્કૂલનો પ્રારંભ ૨૬/૦૬/૨૦૨૨, રવિવારથી થશે. જેમાં ધોરણ-૮ માટે સવારે ૯:૦૦ થી ૧૦:૦૦, ધોરણ-૯ માટે સવારે ૧૦:૦૦ થી ૧૧:૦૦, ધોરણ-૧૦ માટે સવારે ૧૧:૦૦ થી ૧૨:૦૦, તથા ધોરણ-૫ માટે બપોરે ૨:૦૦ થી ૦૩:૦૦, ધોરણ-૬ માટે બપોરે ૦૩:૦૦ થી ૦૪:૦૦, ધોરણ-૭ માટે બપોરે ૦૪:૦૦ થી ૦૫:૦૦ રાખવામાં આવ્યો છે. આ કાર્યક્રમની સાથે સાથે વર્ષ દરમિયાન વિવિધ સ્પર્ધાઓ જેવી કે નેશનલ સાયન્સ સેમીનાર, સાયન્સ ક્વીઝ, નેશનલ સાયન્સ ડ્રામા ફેસ્ટીવલ, નેશનલ રૂરલ આઈ.ટી.ક્વીઝ, STEM ક્વીઝ,રાષ્ટ્રીય બાલ વિજ્ઞાન પરિષદ જેવી રાજ્ય તેમજ રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધાઓ વિષે માર્ગદર્શન પણ વિદ્યાર્થીઓને મળી રહેશે. આવી સ્પર્ધાઓ માટે જીલ્લા કક્ષાની સ્પર્ધાનું આયોજન સાયન્સ સેન્ટર દ્વારા કરવામાં આવે છે.

આ કાર્યક્રમમાં ગાંધીનગરની કોઈ પણ શાળાના ધોરણ ૫ થી ધોરણ ૧૦ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ જોડાઈ શકે છે. આ કાર્યક્રમમાં માર્યાદિત સંખ્યામાં જ વિદ્યાર્થીઓ લેવાના હોવાથી સત્વરે નોધણી કરાવવા જણાવવામાં આવે છે. વધુ માહિતી માટે નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર, બ્લોક નંબરઃ૬૧/૧, ઘ-ટાઈપ, સેક્ટર-૨૩, લગ્નવાડી પાસે, ગાંધીનગરનો સંપર્ક કરવો અથવા મો.નંબરઃ૯૪૨૬૬ ૩૫૨૧૫ પર સંપર્ક કરવા જણાવાયું છે.

IAR ગાંધીનગર તથા GUJCOST દ્વારા A Day With The Scientist કાર્યક્રમનું આયોજન

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર સ્થિત ઈન્સ્ટિટયૂટ ઓફ એડવાન્સ્ડ રિસર્ચ (IAR), ધ યુનિવર્સિટી ફોર ઈનોવેશન દ્વારા ગુજરાત કાઉન્સીલ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી (GUJCOST) ના સહયોગથી **A Day With The Scientist** કાર્યક્રમનું આયોજન ૨૧ જૂનથી ૨૪જૂન સુધી કરવામાં આવ્યું છે.

આ કાર્યક્રમમાં ધોરણ-૧૨ સાયન્સ પ્રવાહ પાસ કરેલા વિદ્યાર્થીઓને ઉચ્ચ સ્તરના વૈજ્ઞાનિકોને મળવાનો અવસર તથા પ્રાયોગિક કાર્યો જાતે કરવાની તક મળી રહી છે. આ કાર્યક્રમનો ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓને વિજ્ઞાન અને વૈજ્ઞાનિક સિદ્ધિઓ પ્રત્યે સજાગ કરવાનો છે. આ કાર્યક્રમમાં વિદ્યાર્થઓને પ્લાઝમા બાયોલોજી, નેનો ટેકનોલોજી, કોવિડ-૧૯ ડિટેકશન, લાઈવ બેકટરેયિા વગેરે પર ડેમોસ્ટ્રેશન જોવા મળશે.

આ કાર્યક્રમમાં ૧૦૦ વિદ્યાર્થીઓને વહેલા તે પહેલાના ધોરણે તક આપવામાં આવશે. ભાગ લેનાર વિદ્યાર્થીઓને સ્ટુડન્ટ કીટ, સર્ટીફીકેટ તથા રીફ્રેશમેન્ટ આપવામાં આવશે. આ કાર્યક્રમમાં ભાગ લેવા માટે લિંક **https://forms.gle/eEF8GU8vbbbnaor26** પર રજીસ્ટ્રેશન કરાવાનું રહેશે.